# તા.૫મી જૂન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ ડાંગ જિલ્લા માટે યાદગાર ક્ષણ

**સાપુતારા**, કરંજડા અને કાંગર્યમાળ ખાતે ઊભા કરાયેલા ‘વન કવચ’ પ્રવાસીઓમાં ભારે લોકપ્રિય, વન વિભાગ દ્વારા વનીકરણ પદ્ધતિને ધ્યાનમાં રાખી છેલ્લાં બે વર્ષમાં આ આકર્ષક સ્થળો વિકસાવવામાં આવ્યાં છે




સાપુતારા 08-06-2026 વનપ્રદેશ ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા, કરંજડા અને કાંગર્યમાળ ખાતે ઊભા કરાયેલા ‘વન કવચ’ પ્રવાસીઓમાં પ્રિય બન્યા છે. ડાંગનાં પ્રવાસન સ્થળોમાં વધારો કરતા શાંત અને કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થળ એટલે ‘વન કવચ’.

‘ડાંગ જિલ્લામાં મિયાવાંકી’ પદ્ધતિથી તૈયાર કરેલાં વનો 30 ગણા ગાઢ તથા ૧૦ ગણા ઝડપથી વિકસે છે.વન અને વન્યજીવોના જતન સંવર્ધન સાથે ડાંગ વન વિભાગ દ્વારા સ્થાનિકોને પૂરક રોજીરોટી પણ પૂરી પાડવામાં આવે છે. વિશ્વમાં દર વર્ષે તા.૫મી જૂને “વિશ્વ પર્યાવરણ દિવસ” (World Environment Day)ની ઉજવણી કરવામાં આવે છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા શરૂ કરવામાં આવેલ “વિશ્વ પર્યાવરણ દિવસ” જેમાં પર્યાવરણીય પડકારો જેવા કે દુષ્કાળ, ત્સુનામી, અનિયમિત ઋતુઓ અને તાપમાનમાં થઈ રહેલા વધારા વિશે જાગૃતિ લાવવા, તેમજ તેના ઉકેલો શોધવા અને પર્યાવરણના જતન અર્થે પ્રેરણા આપવામાં મદદ કરે છે. આ વર્ષે “વિશ્વ પર્યાવરણ દિવસ” ઉજવણીની થિમ વિશ્વ સહિત દેશભરમાં “પ્રકૃતિથી પ્રેરિત, આબોહવા માટે, આપણા ભવિષ્ય માટે” “Inspired by Nature. For Climate. For Our Future.”)ના સૂત્ર સાથે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી કરવામાં આવી રહી છે. આ થિમનો ઉદ્દેશ એ છે કે, આબોહવા પરિવર્તન (Climate Change) સામે તાત્કાલિક પગલાં લેવા, પ્રકૃતિ આધારિત ઉકેલો શોધવા અને પુનઃપ્રાપ્ય ઉર્જા (Renewable Energy)ને પ્રોત્સાહન આપવું.‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી દ્વારા લોકોને વાતાવરણ, હવા, પાણી, જમીન અને બાયોડાયવર્સિટીના સંરક્ષણ માટેની તાલીમ અને જાણકારી આપવામાં આવે છે. તેમજ વન સંરક્ષણ બાબતે ચર્ચા, જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં વનપ્રદેશ એવા ડાંગ જિલ્લામા સ્થાનિક વન વિભાગ દ્વારા ગિરિમથક સાપુતારા તેમજ કરંજડા ખાતે વૃક્ષોની જાળવણી માટે વનિકરણ પદ્ધતિને ધ્યાનમાં રાખી જિલ્લામાં ૨ વન કવચ ઊભા કરાયા છે.

## ડાંગ જિલ્લામાં “વન કવચ”નું આકર્ષણ




વસુધૈવ કુટુંબકમની ભાવના તથા ભવિષ્યની તૈયારી સાથે દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતને વધુ હરિયાળું બનાવવાની નેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આ હેતુથી જાપાનીઝ વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાંકીની વનીકરણ પદ્ધતિને લક્ષ્યમાં રાખી, ગુજરાત વનવિભાગ દ્વારા ‘વન કવચ’ વિકસાવવામાં આવી રહ્યા છે. ડાંગ જિલ્લામાં પણ દક્ષિણ અને ઉત્તર વન વિભાગ દ્વારા સાપુતારા, કરંજડા અને કાંગર્યમાળ ખાતે “વન કવચ” ઊભાં કરવામાં આવ્યાં છે. આ ત્રણેય “વન કવચ” માં એક હેક્ટર વિસ્તાર દિઠ આશરે ૧૦૭ જાતના કુલ દસ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ‘મિયાવાંકી’ પદ્ધતિથી તૈયાર કરેલ આ વનો 30 ગણા ગાઢ તથા ૧૦ ગણા ઝડપથી વિકસે છે. હાલમાં ડાંગ જિલ્લાની પ્રકૃતિને માણવા આવતા પર્યટકો માટે નવા નજરાણા સમાન આ “વન કવચ” બની ગયા છે.



## ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી કરાઈ



જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમારે વૃક્ષારોપણ કરી, પ્રકૃતિના જતન અને સંવર્ધનની અપીલ કરી. આજરોજ ૫ મી જૂન ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ તેમજ દેશના વડાપ્રધાનશ્રીનાં ૧૨ વર્ષના સફળ જનકલ્યાણલક્ષી સુશાસનની ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.ડી. તબીયાર અને પ્રાંત અધિકારી શ્રી ઉમેશ પટેલ સહિત કલેક્ટર કચેરીના કર્મચારીઓએ કચેરી પરિસરમાં ઉત્સાહભેર વૃક્ષારોપણ કરીને પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. “પ્રકૃતિથી પ્રેરિત, આપણા માટે અને આપણા ભવિષ્ય માટે”ના ઉમદા સંદેશ સાથે કેન્દ્ર સરકારના “એક પેડ મા કે નામ 3.0” અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રીએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે માત્ર વૃક્ષ વાવવા પૂરતું સીમિત ન રહેતા, તેના ઉછેર અને યોગ્ય જાળવણી કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. સમાજના તમામ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધે, પ્રકૃતિનું રક્ષણ થાય અને હરિયાળીમાં વધારો થાય તેવા આશય સાથે કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓથી લઈને સેવકગણ સુધીના તમામના હસ્તે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ કર્મચારીઓને પર્યાવરણના જતન માટે કટિબદ્ધ થવા અપીલ કરી હતી. આ પ્રસંગે ડાંગ જિલ્લા દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ આહવા પૂર્વના આર.એફ.ઓ. શ્રી આરિફ ઢેબા સહિત વન વિભાગના કર્મયોગીઓ અને કલેક્ટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગ વન વિભાગ દ્વારા સ્થાનિકોને પૂરક રોજીરોટી પૂરી પાડવામાં આવે છે

ડાંગની ભૂપૃષ્ઠ જોઈએ તો અહીંની જમીન ડુંગરાળ, ખાડા ટેકરાવાળી છે. જમીનની ઓછી ફળદ્રુપતા અને જરૂરિયાત જેટલું પાણી નહીં મળવાને કારણે, વર્ષમાં ફક્ત એક વાર જ અહીં પાક લઈ શકાય છે. જેમાં, મુખ્યત્વે નાગલીનો પાક લેવામાં આવે છે, જે ચાર માસ પૂરતો જ હોય છે. જેથી તેમની ખેતીમાંથી ખૂબ જ ઓછી આવક મળતી હોય, કુટુંબ માટે આ આવક અપૂરતી રહે છે.જે ધ્યાને લઈ ડાંગ દક્ષિણ અને ઉત્તર વન વિભાગ તરફથી સ્થાનિક લોકોને આખા વર્ષ દરમિયાન જુદી જુદી યોજનાઓ હેઠળ પૂરક રોજીરોટી પૂરી પાડવામાં આવે છે. જેમાં **(1)માલકી યોજના :-** વન વિભાગ દ્વારા માલકી યોજના સને-૨૦૦૫માં ચાલુ કરવામાં આવી છે. તથા વર્ષ ૨૦૦૫ પછી એકવાર વૃક્ષો કાપવાની મંજૂરી આપ્યા બાદ, જે તે ખાતેદારને બીજી વખત આવી મંજૂરી પાંચ વર્ષ બાદ જ મળી શકે છે. જે તે વર્ષમાં જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવે, તે પૈકીની વધુમાં વધુ ૨૫ % અરજીઓ કેન્સર, કીડની, વિધવા, નિરાધાર, કે માસ્ટર ડિગ્રી જેવા ઉચ્ચ અભ્યાસ અર્થે, સ્પેશિયલ કેસ તરીકે અગ્રતાક્રમ મુજબ મંજૂર કરવામાં આવે છે. માલકી યોજના હેઠળ ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૧૪૯૧ લાભાર્થીઓને ૪૬.૯૯ કરોડ અને દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા ૩૦૯૧ લાભાર્થીઓને ૬૭.૬૭ કરોડ મળી બંને વિભાગ દ્વારા કુલ ૪૫૮૨



લાભાર્થીઓને કુલ રૂ. ૧૧૪.૬૬ કરોડનો લાભ આપવામાં આવેલ છે. **(2) વનલક્ષ્મી યોજના :-** આ યોજના અંતર્ગત વન વિભાગ દ્વારા વિવિધ લોક ઉપયોગી કામગીરી કરવામાં આવે છે. જેમાં જંગલ સંરક્ષણ અને સંવર્ધન માટે ડાગના સ્થાનિક લોકોનો સાથ સહકાર મળી રહે તે હેતુથી, જે.એફ.એમ.સી., ઈ.ડી.સી.ની રચના કરવામાં આવી છે. આ યોજના થકી ગામોમાં સામુહિક વિકાસના લાભો જેવા કે, જમીન લેવલિંગ, સિંચાઇ માટે લિફ્ટ ઇરિગેશન, દુધાળા પશુ ગાય અને પીવાના પાણીની સુવિધાઓ જેવી સામૂહિક ગામ વિકાસના કામો કરવામાં આવી રહ્યાં છે. આ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં ૮૨ જે એફ.એમ.સી. મંડળીઓને કુલ રૂ. ૮૭૫.૮૭ લાખની સહાય આપવામાં આવી છે. **(3)વાડી યોજના :-** વન વિસ્તારમાં રહેતા આદિવાસી પરિવારોની આજીવિકામાં વધારો થાય, અને તેમનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે સહભાગી વન વ્યવસ્થા સાથે, જુદા જુદા વિભાગોની યોજનાઓના સમન્વયથી વન વિભાગ દ્વારા આર્થિક ઉત્કર્ષના કાર્યો હાથ ધરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કુલ ૧૯૯૧ લોકોને લાભ આપવામાં આવેલ છે. **(4)કલસ્ટર યોજના :-** સને-૨૦૧૭/૧૮થી અમલી આ યોજના હેઠળ, વન વિભાગ દ્વારા પ્રતિ વર્ષ એક કલસ્ટરની પસંદગી કરી ૧૦થી ૧૨ ગામોને આવરી લેવામાં આવે છે. આ ગામોમાં સરવે આધારિત સર્વાંગીણ વિકાસના તબક્કાવાર જુદા-જુદા કાર્યક્રમો હાથ ધરી, સ્થાનિક સ્તરે જ આદિવાસી પરિવારોના આર્થિક ઉત્કર્ષના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. વન વિભાગ દ્વારા કલસ્ટર ડેવલપમેન્ટ યોજના હેઠળ, છેલ્લાં પાંચ વર્ષમાં ૧૦૬ ગામોના ૫૭૮૮ લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે.રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને આહવામાં IDY પ્રોટોકોલ યોગ શિબિર અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

## “પ્રકૃતિ અને યોગ જનજાગૃતિ માટે” થિમ હેઠળ યોગાભ્યાસ અને “એક પેડ માં કે નામ 3.0” અભિયાનને પ્રોત્સાહન આપવા વૃક્ષારોપણનો કાર્યક્રમ




જેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને વન વિભાગ, ડાંગના સંયુક્ત ઉપક્રમે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને વન વિભાગ, ડાંગના સંયુક્ત ઉપક્રમે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને IDY (International Day of Yoga) પ્રોટોકોલ યોગ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષ બચાવવાની હાંકલ કરી, શ્રી વિજયભાઇ પટેલે વનોનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, “વન છે તો જીવન છે, વન વગરનું જીવન નક્કામું છે.” ડાંગ જિલ્લો પ્રકૃતિ સાથે જોડાયેલો છે. વનો દ્વારા આ જિલ્લાની શોભા વધે છે ત્યારે વનોનું જતન કરવું એ આપણી સૌની જવાબદારી છે. વૃક્ષ પરોપકારી છે. જે જન્મથી લઇ મૃત્યુ સુધી આપણાં માટે ઉપયોગી બને છે. જેથી કોઇપણ શુભ પ્રસંગે અવશ્ય વૃક્ષ વાવવા શ્રી વિજયભાઈ પટેલે સૌને અપીલ કરી હતી. વધુમાં શ્રી વિજયભાઇ પટેલે સૌને પોતાના જીવનમાં યોગ અપનાવી શરીરને તંદુરસ્ત બનાવી રોગ ભગાડવાનો મંત્ર આપ્યો હતો. સાથે જ યોગ દ્વારા વ્યક્તિની બદલાતી મનોશારીરિક સ્થિતિનો ખ્યાલ આપી, સૌને યોગ થકી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા સંકલ્પબદ્ધ થવાની હાંકલ કરી હતી. આ ઉપરાંત ડાંગને પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવી વીજળી અને પાણીનો ખપ પૂરતો જ ઉપયોગ કરવા શ્રી વિજયભાઈ પટેલે સૌને અપીલ કરી હતી. ‘વિશ્વ પર્યાવરણ દિન’ આ દિવસ માત્ર એક ઔપચારિક ઉજવણી નથી, પરંતુ આપણી પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીઓ અને કર્તવ્યોનું પુનઃસ્મરણ કરવાનો એક પવિત્ર અવસર છે. પર્યાવરણનું સંરક્ષણ એ કોઈ એક દિવસનું કાર્ય નથી, તે આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ. તેમ જણાવી ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી.પરમારે જંગલોને ટકાવી રાખવા, વનોની સુરક્ષા કરવી એ આપણી નૈતિક જવાબદારી છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેઓએ યોગ વિશેનો ખ્યાલ આપી જણાવ્યું હતું કે, યોગ એ માત્ર શારીરિક વ્યાયામ નથી, પરંતુ તે જીવન જીવવાની ઉત્કૃષ્ટ કળા અને વિજ્ઞાન છે. તે આપણને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્તરે સંતુલન પ્રદાન કરે છે. આજના ભાગદોડ અને તણાવયુક્ત જીવનમાં નિયમિત યોગાભ્યાસ આપણને માનસિક શાંતિ, આત્મ-શિસ્ત, સંયમ અને આત્મ-જાગૃતિ શીખવે છે. યોગ આપણને આપણા શ્વાસ સાથે જોડીને વર્તમાન ક્ષણમાં જીવવાની કલા શીખવે છે, જે મનની એકાગ્રતા માટે અનિવાર્ય છે. જ્યારે ધ્યાન આપણને આંતરિક શાંતિ અને અખૂટ આત્મિક ઊર્જા પૂરી પાડે છે. “પ્રકૃતિ અને યોગ જનજાગૃતિ માટે”ના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જનજાગૃતિ ફેલાવવા વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યોગ સમર કેમ્પમાં સહયોગ આપનાર વ્યક્તિઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પદાધિકારીઓ, અધિકારીઓ, સુરક્ષાકર્મીઓ, વન કર્મીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ યોગાભ્યાસ કર્યો હતો. જે બાદ “પ્રકૃતિથી પ્રેરિત, આપણાં માટે અને આપણા ભવિષ્ય માટે”ના સંદેશ સાથે કેન્દ્ર સરકારના “એક પેડ માં કે નામ 3.0” અભિયાન અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેશભાઇ ગામીત, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.ડી.તબીયાર, ઉત્તર વન વિભાગનાં નાયબ વન સંરક્ષક શ્રી મુરારીલાલ મીણા, દક્ષિણ વન વિભાગનાં નાયબ વન સંરક્ષક શ્રી નિરજ કુમાર, દક્ષિણ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી જૈનિલ દેસાઈ,દક્ષિણ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક આરતી ડામોર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ, પ્રાંત અધિકારી શ્રી ઉમેશ પટેલ, ડાંગ ઉત્તર ACF-1 શ્રી રાહુલ પટેલ, ડાંગ ઉત્તર ACF - 2 પરેશ ગાયકવાડ, પૂજ્ય શ્રી પી.પી.સ્વામી, સ્ટેટ યોગ કો-ઓર્ડિનેટર શ્રી અનિલભાઈ ત્રિવેદી, સુરત ઝોન યોગ કો-ઓર્ડિનેટર શ્રીમતી પ્રિતીબેન પાંડે, ડાંગ યોગ કો-ઓર્ડિનેટર પ્રિયંકાબેન ભોયે સહિતના મહાનુભાવો, વિદ્યાર્થીઓ, સુરક્ષાકર્મીઓ, મોટી સંખ્યામાં યોગપ્રેમી ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




‘એક પેડ મા કે નામ 3.0’ અભિયાન અંતર્ગત વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા ૧૧૨ છોડ રોપી પર્યાવરણ જતનનો સંદેશ અપાયો હતો. તારીખ ૫મી જૂન ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ના પાવન અવસરની થઈ રહેલી ઉજવણી અંતર્ગત વાંસદા નેશનલ પાર્ક અને દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા દ્વારા પર્યાવરણ જાગૃતિ અને વન સંવર્ધનના ભાગરૂપે એક વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પર્યાવરણ દિવસની ઉજવણી ‘પ્રકૃતિથી પ્રેરિત, આબોહવા માટે આપણા ભવિષ્ય માટે’ અને ‘એક પેડ મા કે નામ 3.0’ તથા NowForClimateના વૈશ્વિક સૂત્ર સાથે કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત વાંસદા નેશનલ પાર્કના પરિસરમાં વન વિભાગના ઉચ્ચ મહિલા અધિકારીઓ, ફોરેસ્ટ ગાર્ડ અને અન્ય વન કર્મચારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ પોતાના હાથે ખાડો ખોદી, કાળજીપૂર્વક છોડનું રોપણ કર્યું હતું અને તેને પાણી પાઈને તેના ઉછેર અને રક્ષણની જવાબદારી સ્વીકારી હતી. આ પ્રસંગે પરીક્ષેત્ર વન અધિકારી સુશ્રી હિના પટેલે જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનના આ યુગમાં પ્રકૃતિનું સંતુલન જાળવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું એ સમયની માંગ છે. ‘એક પેડ મા કે નામ’ અભિયાનને સાર્થક કરતા વન સ્ટાફ દ્વારા સ્થાનિક પર્યાવરણને અનુકૂળ એવાં છોડ અહીં રોપવામાં આવ્યા છે. જેનું જતન ખૂબ જ સંવેદના સાથે કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમમાં સાઉથ ડાંગના ACF શ્રી જૈનીલ દેસાઈ સહિત વાંસદા નેશનલ પાર્ક અને દક્ષિણ ડાંગ વન વિભાગના વનકર્મીઓ ઉત્સાહભેર જોડાયા હતા અને આગામી ચોમાસાની ઋતુમાં પણ આ ગ્રીન કવરને વધારવા માટે વન વિભાગ કટિબદ્ધ હોવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ડાંગ જિલ્લામાં 5 મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી ડો.બી.સૂચિન્દ્રા તથા ઉત્તર વન વિભાગના ડી.સી.એફ. શ્રી મુરાલીલાલ મિણા અને દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ. શ્રી નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ શામગહાન રેંજ, ગલકુંડ રેંજ, આહવા પૂર્વ રેંજ, ચીખલી રેંજ, સાકરપાતળ રેંજ, વઘઇ રેંજ, નવતાડ નેશનલ પાર્ક રેંજ, ચિચીનાગાવઠા રેંજ, ભેંસકાતરી રેંજ, કાલીબેલ રેંજ, બરડીપાડા રેંજ, સિંગાણા રેંજ, સુબિર રેંજ, લવચાલી રેંજ, પીપલાઈદેવી રેંજ, આહવા પશ્ચિમ રેંજ દ્વારા વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરી વૃક્ષોનાં સંવર્ધન અને સંરક્ષણ માટે અનુરોધ કરાયો હતો.